**★ Ujjivan Fin. Services** :- Ujjivan Fin. તે ૧૦ માંથી ૧ કંપની છે જેને ગત વર્ષે RBIએ Small Finance Bank (SFB) ઊભી કરવા મંજુરી આપી છે. આ કંપનીમાં વિદેશી શેરહોલ્ડરોનું ઈક્વિટી હોલ્ડિંગ ૭૭.૧ ટકા છે જે ગાઈડન્સ મુજબ કંપની તે ઘટાડીને ૪૯ ટકા કરવાનું રહેશે. આ IPO અગાઉ કંપનીએ રૂ. ૩૧૨ કરોડ પ્રાઈવેટ પ્લેસમેન્ટ દ્વારા એકત્ર કરી લીધા છે. જેમાં ભારતની અગ્રણી પ્રાઈવેટ ઈન્સ્યુરન્સ કંપનીઓ તેમજ મ્યુચ્યુઅલ ફંડોનો સમાવેશ થાય છે અને કંપનીએ આ શેર્સ રૂ. ૨૦૫ ના ભાવે એલોટ કર્યા હતા. Ujjivan Fin. એ માઈક્રો ફાયનાન્સ કંપની છે અને આ સેગમેન્ટનો આ ત્રીજો ઈસ્યુ છે. Equitasની તુલનામાં આ કંપનીમાં રોકાણ વધુ આકર્ષક બની રહેશે. આ IPOની વિસ્તૃત માહિતી અલગ બોક્સમાં દર્શાવેલ છે.

● **ભરણું કેટલું ભરાશે ?** :- QIB અને HNI સેગમેન્ટમાં આ ઈસ્યુ અનેક ગણો છલકાશે જ્યારે રીટેઈલમાં ૨ થી ૩ ગણાની આસપાસ છલકાશે.

● **ડિસ્કવરી પ્રાઈસ** :- અપર પ્રાઈસ બેન્ડ એટલે કે રૂ. ૨૧૦ ના ભાવે ફિક્સ્ડ થશે.

● **એલોટમેન્ટ** :- તા. ૯ મી મે ના રોજ શેરનું એલોટમેન્ટ જાહેર થઈ શકે છે.

● **લિસ્ટીંગ** :- આ IPOનું લિસ્ટીંગ ૧૧ મે ના રોજ થઈ શકે છે. હાલના તબક્કે એમ કહી શકાય કે આ શેરનું લિસ્ટીંગ સારા બજારે રૂ. ૨૫૦ થી ૨૬૦ ની આસપાસ થઈ શકે છે અને શેરનો ભાવ ઉછળીને રૂ. ૨૭૦ થી ૨૭૫ પણ જઈ શકે છે.